અપીલ અરજી નં. ૫૪૩ તા.૩–૧–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી હિમાંશુ નરેન્દ્રભાઈ માસ્તર
સામાવાળ :– ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિમાંશુ નરેન્દ્રભાઈ માસ્તરની તા. ૦૭–૧૨–૧૧ની અરજીથી ઘર નં.૭/૨૮૬૧ મોટી કડિયા શેરી,સૈયદપુરાવાળી મિલકતના વેરાબીલમાં માલીકનું નામ કોનું લખેલ છેતેની માહિતી આપશોજી.આ નામો કયારથી છે તેની માહિતી આપશોજી. ઉપરોકત મિલકતના વેરાબીલમાં વપરાશકર્તાનુ નામ કોનું છે તેની માહિતી આપશોજી. આ નામ કયારથી છે તેની માહિતી આપશોજી. જે પુરાવાથી ઉપરોકત મિલકતના વેરાબીલમાં માલીકના તથા વપરાશકર્તાના નામ દાખલ થયા છે તેનીસર્ટીફાઈડ નકલ આપશોજી. છેલ્લા દશ વર્ષમાં ઉપરોકત મિલકતના વેરાબીલ રોકડથી ભરાયા છે કે ચેકથી તેની માહિતી આપશોજી. જો ચેકથી ભરાયા હોય તો તેની સંપૂર્ણ વિગત આપશોજી. છેલ્લા દશ વર્ષમાં આવેલ વેરાબીલની રકમ અને તે ભરાયાની વિગતો ક્રમ મુજબ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૪૩/૨૦૧૧–૧૨

શ્રી હિમાંશુ નરેન્દ્રભાઈ માસ્તરની તા. ૦૭–૧૨–૧૧ની અરજીથી ઘર નં.૭/૨૮૬૧ મોટી કડિયા શેરી,સૈયદપુરાવાળી મિલકતના વેરાબીલમાં માલીકનું નામ કોનું લખેલ છે તેની માહિતી આપશોજી.આ નામો કયારથી છે તેની માહિતી આપશોજી. ઉપરોકત મિલકતના વેરાબીલમાં વપરાશકર્તાનુ નામ કોનું છે તેની માહિતી આપશોજી.આ નામ કયારથી છે તેની માહિતી આપશોજી. જે પુરાવાથી ઉપરોકત મિલકતના વેરાબીલમાં માલીકોના તથા વપરાશકર્તાના નામ દાખલ થયા છે તેનીસર્ટીફાઈડ નકલ આપશોજી. છેલ્લા દશ વર્ષમાં ઉપરોકત મિલકતના વેરાબીલ રોકડથી ભરાયા છે કે ચેકથી તેની માહિતી આપશોજી. જો ચેકથી ભરાયા હોય તો તેની સંપૂર્ણ વિગત આપશોજી. છેલ્લા દશ વર્ષમાં આવેલ વેરાબીલની રકમ અને તે ભરાયાની વિગતો ક્રમ મુજબ આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં.એ.આર.ડી / ૩૦૬ તા.૩૧–૧૨–૧૧ થી આપેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ અરજદારે ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ ? વિધવા નામ અંગે પણ દફતરી હકીકત જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૯૮ તા.૧૬–૧–૧૨ થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને પ્રસ્તાવ અનુસાર દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ ? તે ઉપરાંત ખોટી–અધૂરી માહિતીના દાવા તથા અપીલમાનાં અપમાનજનક પ્રત્યુત્તર માટે આધાર–નકલ સહ રજૂઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.એઆરડી/૩૩૮ તા.૨૭–૧–૧૨ થી નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ટેના.નં.૭સી–૧૩–૦૧૪૧–૦–૦૦૧ અને ટેના.નં.૭સી–૧૩–૦૧૪૧ –૧–૦૦૧ ના વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૧ સુધીના પાર્ટી સ્ટેટસની નકલ,કબ્જેદાર તરીકે કાલીદાસ મંગુભાઈનુ નામ ચાલે છે જેના પાર્ટી સ્ટેટસની નકલ, મિલકતના માપો અંગેની માહિતી નકલ, મિલ્કતની આકારણી દફતર માટે દફતરી ઉતારાની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદારના તા.૨૦–૧–૧૨ ના પત્ર થી મિલકત કાર્ડની નકલ, તા.૧૮–૧–૧૨ ના રોજ મિલ્કત વેરો ભર્યાની રસીદની નકલ, સુટેક્ષ કો.ઓ. બેન્ક લી. ના પાસબુકની નકલ, અત્રે પુરક વિગતમાં મળેલ છે.

અરજદારની તા.૭–૧૨–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીના પત્ર નં. એ.આર.ડી/૩૦૬ તા. ૨–૧–૧૨થી અરજદારને સમય અવધિમાં માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં ઘર નં.૭/૨૮૬૧ મોટી કડિયા શેરી,સૈયદપુરાવાળી મિલકતના વેરાબીલમાં માલીકનું નામ કોનું લખેલ છે તેની માહિતી આપશોજી.આ નામો કયારથી છે તેની માહિતી આપશોજી. ઉપરોકત મિલકતના વેરાબીલમાં વપરાશકર્તાનુ નામ કોનું છે તેની માહિતી આપશોજી.આ નામ કયારથી છે તેની માહિતી આપશોજી. જે પુરાવાથી ઉપરોકત મિલકતના વેરાબીલમાં માલીકોના તથા વપરાશકર્તાના નામ દાખલ થયા છે તેનીસર્ટીફાઈડ નકલ આપશોજી. છેલ્લા દશ વર્ષમાં ઉપરોકત મિલકતના વેરાબીલ રોકડથી ભરાયા છે કે ચેકથી તેની માહિતી આપશોજી. જો ચેકથી ભરાયા હોય તો તેની સંપૂર્ણ વિગત આપશોજી. છેલ્લા દશ વર્ષમાં આવેલ વેરાબીલની રકમ અને તે ભરાયાની વિગતો ક્રમ મુજબ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૭ નોંધ નં.૨૮૬૧ વાળી મિલકત ટેના. નં. ૭સી–૧૩– ૦૧૪૧–૦ –૦૦૧ માં મ્યુ.દફતરે પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે નરેન્દ્રભાઈ મોહનલાલ અને રમીલાબેન મહેન્દ્રભાઈ મોહનલાલની વિધવાનું નામ દાખલ છે. કબ્જેદાર તરીકે કાલીદાસ મનુભાઈનું નામ દાખલ છે. ઉપરોકત મિલકતમાં ટેના.નં.૭સી–૧૩–૦૧૪૧–૧–૦૦૧ કે જે પાણીનું બીલ છે જે કાલીદાસ મનુભાઈના નામે ચાલી આવે છે. જેના પાર્ટી સ્ટેટસ રૂા.૪/– ભરી મેળવી શકશો. વર્ષ ૧૯૯૫–૯૬ ની કટબુક જોતાં મિલકતમાં ઉપર મુજબનું નામ દાખલ જણાય છે. જેથી ૧૯૯૫–૯૬ થી આજદિન સુધી

મિલકતના નામમાં કોઈ ફેરફાર જણાતો નથી. જે વર્ષ ૧૯૯૫–૯૬ ના વર્ષની કટબુકની નકલ રૂા.૪/– ભરી મેળવી શકશો. છેલ્લા દસ વર્ષથી મિલકતમાં વેરા બીલ ચેકથી કે રોકડથી ભરાયેલ છે તેમજ વેરાબીલની રકમ અને ભર્યાની વિગત માટે ટેના.નં.૭સી–૧૩–૦૧૪૧–૦–૦૦૧ અને ટેના.નં.૭સી–૧૩–૦૧૪૧–૧–૦૦૧ ના વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૧ સુધીના પાર્ટી સ્ટેટસ રૂા.૩૨/– ભરી મેળવી શકશો. તેવુ સમય અવધિમાં જણાવેલ.

અરજદારે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં.એ.આર.ડી / ૩૦૬ તા.૩૧–૧૨–૧૧ નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી ધ્વારા ખોટી,અધુરી અને અપમાનજનક માહિતી આપેલ છે. તથા વોર્ડ નં૭ નોંધ નં.૨૮૬૧ વાળી મિલકત ટેના.નં.૭સી–૧૩–૦૧૪૧–૦–૦૦૧ માં મ્યુ. દફતરે પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે નરેન્દ્રભાઈ મોહનલાલ અને રમીલાબેન મહેન્દ્રભાઈ મોહનલાલની વિધવાનું નામ દાખલ છે. તે બાબતે જણાવવાનું કે રમીલાબેન તે નરેન્દ્ર ભાઈ મોહનલાલ માસ્ટરની ધણીયાણી છે તેનાં પતિ નરેન્દ્રભાઈ મોહનલાલ માસ્ટર હયાત છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ રમીલાબેન વિધવા છે તેવુ કયા પુરાવાને આધારે જણાવેલ છે. આવી ખોટી માહિતી આપી અમારી માતાનું એટલે કે રમીલાબેનનું અપમાન કરેલ છે. તથા તેવા કયા પુરાવાનાં આધારે રમીલાબેનનાં નામની પાછળ મહેન્દ્રભાઈ મોહનલાલનું નામ લગાવેલ છે તેના પણ કોઈ પુરાવા આપેલ નથી. તથા સદર મિલકતમાં ૭સી–૧૩–૦૧૪૧–૦–૦૦૧ પાણીનું બીલ છે તે કાળીદાસ મનુભાઈ નાં નામે ચાલી આવે છે તે કયા પુરાવાનાં આધારે આપેલ છે તે પુરાવા પણ આપેલ નથી. સદર મિલકતમાં છેલ્લા ૧૦ વર્ષથી વેરાબીલ ચેકથી કે રોકડેથી ભરાયેલ છે તેની વિગતો પણ અધુરી આપેલ છે. આમ અરજીનો ખોટો,અધુરો અને અપમાનજનક જવાબ આપેલ હોવાની રજુઆત કરેલ છે.

અરજદારને અપીલ તબકકે અત્રેના પત્ર નં. આરટીઆઈ સેલ/૧૪૯૮ તા.૧૬–૧–૧૨ થી પ્રસ્તાવ અનુસાર દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ ? તે ઉપરાંત ખોટી–અધૂરી માહિતીના દાવા તથા અપીલમાનાં અપમાનજનક પ્ર ત્યુત્તર માટે આધાર–નકલ સહ રજૂઆત કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને તા.૨૦–૧–૧૨ ના પત્રમાં ઘર નં. ૭/૨૮૬૧, મોટી કડીયાશેરી, સૈયદપુરા, સુરતવાળી મિલકતની સીટી સર્વેનાં મિલકત કાર્ડની નકલ. નરેન્દ્રભાઈ માસ્તરે ઘી સુટેક્ષ કો–ઓપ.બેંક લી. કતારગામ બ્રાંચના નરેન્દ્રભાઈ મોહનલાલ માસ્ટર તથા રમીલાબેન નરેન્દ્રભાઈ માસ્ટરનાં જોઈન્ટ એકાઉન્ટમાંથી મિલકત ૭/૩૧૩૮ લેખડીયાશેરી, સૈયદપુરા ની મિલકતના વેરા પેટે રૂા.૫૦૦/– નો ચેક ભર્યો તેની રસીદ. ઘી સુટેક્ષ બેંક કતારગામની જોઈન્ટ એકાઉન્ટની પાસબુકની ઝેરોક્ષ નકલ. રજુ કરેલ. વધુમાં તેમણે દસ્તાવેજ ફી ભરી કોઈ માહિતી મેળવેલ નથી. તથા અપીલને બાધ ન આવે તે રીતે મોકલેલ માહિતી પત્ર અનુસાર દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવી લ ેવા તૈયારી બતાવેલ છે.

જાહેર માહિતી અધિકારીએ તા.૨૭–૧–૧૨ ના પુરક પત્રમાં સદર મિલકતના પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે નરેન્દ્રભાઈ મોહનલાલ અને રમીલાબેન મહેન્દ્રભાઈ મોહનલાલની વિધવાનુ નામ દાખલ છે તેમ જણાવવામાં આવેલ. પરંતુ મ્યુ. દફતરે પત્ની માટે **W/O** અને વિધવા માટે **Wd/o** એમ ટુંકમાં લખવામાં આવે છે. આમ મળતા ઝુળતા રાઈ ટીંગને કારણે ગુજરાતી કરતા શરતચુકથી વિધવા શબ્દ લખાય ગયો છે વાસ્તવમાં સદર મિલકતમાં પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે નરેન્દ્રભાઈ મોહનલાલ અને રમીલાબેન તે મહેન્દ્રભાઈ મોહનલાલના પત્નીનું નામ દાખલ છે. અરજદારે ફી ભરી આકારણી ખાતેથી આપવાના થતાં પુરાવા મેળવેલ નથી. અરજદારને આપવાના થતા પુરાવા સામેલ કરેલ છે. વધુમાં અરજદારે તેમની અપીલ અરજીમાં રમીલાબેનના નામની પાછળ મહેન્દ્રભાઈ મોહનલાલનું નામ લગાવેલ છે તે બાબતે ૧૯૮૨–૮૩ નું મિલકત વેરા અંગેની આકારણી માટે દફતરી ઉતારાની માહિતી તથા તેનો હેવાલ જોતાં તેમાં પણ ઉપરોકત રમીલાબેનના નામની પાછળ મહેન્દ્રભાઈ મોહનલાલનું નામ જ ચાલી આવેલ છે. તેવુ જણાવેલ છે. રમીલાબેનના નામની પાછળ મહેન્દ્રભાઈ મોહનલાલનું નામ કઈ રીતે આવેલ છે તેની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલ જણાતી નથી તે દફતરી વિગત આપવાની રહે અન્યથા તેના આનુષાંગીક દફતર જેવાકે પ્રથમ નામ દાખલ સમયે કોઈ નોટીસ આપેલ હોય ભરેલ પત્રકમાં અરજદારે કરદાતાએ વિગત જણાવી હોય તુમાર કે એસેસમેન્ટ રજીસ્ટર, કટબુક વિગેરે બાબતનું ઈન્સ્પેકશન અરજદારને આપવાનું રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૩–૧–૧૨ ધ્યાને લેતાં ૧–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૫–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્ર ેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૭–૧૨–૧૧થી અરજીમાં માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ છે. તેમ છતાં રમીલાબેનના નામની પાછળ મહેન્દ્રભાઈ મોહનલાલનું નામ કઈ રીતે આવેલ છે તેની દફતઢરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી વિકલ્પે તેના આનુષાંગીક દફતર જેવા કે નામ દાખલ સમયેના ફોર્મ,તુમાર, નોટીસ, એસેસમેન્ટ રજીસ્ટર, કટબુક વિગેરે બાબતનું ઈન્સ્પેકશન આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળની લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરવાની રીતે દિન–૭માં અરજદારને તપાસણી પુરી પાડી થયેલી કાર્યવાહીની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. "

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હિમાંશુ નરેન્દ્રભાઈ માસ્તર,